IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# વાર્તાકાર ભૂપેશ અધ્વર્યુ

Vedant A. Purohit
Ph.D. Scholar
Gujarati Bhasha Sahitya Bhavan,
Maharaja Krishnakumarsinhji Bhavnagar University

ભૂપેશ ધીરુભાઈ અધ્વર્યુનો જન્મ ૫ મે, ૧૯૫૦ના પોતાના મોસાળ વલસાડ તાલુકાના ચીખલી ગામમાં થયો. ૧૯૬૬માં એસ.એસ.સી. પાસ કરીને ૧૯૭૦માં બીલીમોરાની કૉલેજમાંથી ગુજરાતી સાથે બી.એ. કર્યું. ત્યારબાદ ૧૯૭૨માં ગુજરાતી વિષય સાથે જ એમ.એ.ની પદવી મેળવી અભ્યાસ બાદ સૌપ્રથમ ૧૯૭૨-૭૩ પાલનપુર ખાતે, ત્યારબાદ બે વર્ષ બાલાસિનોરમાં અને ૧૯૭૪-૭૭ મોડાસા કોલેજમાં ગુજરાતીનું અધ્યાપન કર્યું. અધ્યાપક ભૂપેશ વિદ્યાર્થી પ્રિય શિક્ષક રહ્યાં. ૧૯૭૦ આસપાસ કૉલેજના અભ્યાસ દરમિયાન જ કવિતા વાર્તાસર્જન અને વિવેચનલેખથી ધ્યાનપાત્ર થયા. “જો રવીન્દ્રનાથ ટાગોર આઠ વર્ષે લખી શકે તો હું કેમ ન લખી શકું?” આવો વિચાર કરી આઠ વર્ષની વયે પ્રથમ કાવ્ય સર્જન કરે છે. ૧૯૭૭માં વ્યવસાય નિરર્થક જણાતા ભૂપેશ નોકરી છોડે છે. એ પછી પૂનાની ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ ખાતે ફિલ્મ-એપ્રિસિયેશનનો અભ્યાસ કરે છે. આ દરમિયાન ફિલ્મ-દિગ્દર્શનની દિશામાં આગળ વધતાં ભૂપેશ ફિલ્મો વિશે લેખ પણ કરે છે. ભૂપેશના વ્યક્તિત્વ વિશે નાના બહેન લિપ્સા લખે છે, ‘જે માણસ સાંપ્રત સમયથી આગળ જ ચાલતો હોય એણે તો ઘણી બધી સમસ્યાઓનો સામનો કરવાની તૈયારી રાખવી જ પડે, એ સતત ઝઝૂમ્યો છે, છેવટ સુધી ઝઝૂમ્યો છે. ક્યારેય ખોટી રીતે ઝૂક્યો નથી....’. ભૂપેશના જીવન પર ગાંધીજી અને જે. કૃષ્ણમૂર્તિના વિચારોની સારી અસર હતી. ટૂંકા આયુષ્યને કારણે ભૂપેશની જ્ઞાનયાત્રા અટકી પરંતુ તેના જીવન પરથી જોઈ શકાય કે સાહિત્ય સર્જક, વિવેચક કરતાં તે નિર્ભીક તત્વદર્શી વિચારક ને મૌલિક ચિંતક હતો. જે રીતે વ્યવસાયમાં નિરર્થકતા દેખાઈ એવી રીતે જીવનના અંતિમ સમયમાં સાહિત્યની સાર્થકતા વિશે પણ તેના ચિત્તમાં શંકા થયેલી પરંતુ ૨૧ મે, ૧૯૮૨ના રોજ આકસ્મિક રીતે ગણદેવીની નદીમાં ડૂબી જવાથી અવસાન થયું હોવાને લીધે ભૂપેશની સાર્થકતાની શોધ અધૂરી જ રહી.

ભૂપેશના સાહિત્ય સર્જનની વાત કરીએ તો, પોતાની હયાતીમાં તેણે કેટલાક કાવ્ય, વાર્તા તથા વિવેચનલેખ વિવિધ સામાયિકમાં છપાયા. પરંતુ અવસાન બાદ ‘હનુમાનલવકુશમિલન’ શીર્ષકથી તેમનો મરણોત્તર વાર્તાસંગ્રહ પ્રગટ થયો. આ ઉપરાંત ૧૯૮૬માં ‘પ્રથમ સ્નાન’ શીર્ષકથી તેમનો કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો. જેની કાવ્યરચના ભૂપેશને એક પ્રતિબદ્ધ કવિ તરીકે પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત તેણે સાહિત્યવિવેચન અને ફિલ્મવિવેચનના લેખ કરેલા જે પુસ્તક તરીકે પ્રકાશિત થયા નથી. આમ, ખૂબ ઓછું આયુષ્ય અને એટલું જ અલ્પ સાહિત્યસર્જન હોવા છતાં ભૂપેશ ગુજરાતી સાહિત્યમાં પોતાનું વિશેષ સ્થાન મેળવે છે. કવિતા હોય કે વાર્તા ભૂપેશની સાહિત્ય વિશેની આગવી સમજ તેની દરેક કૃતિને મહત્વની બનાવે છે.

ભૂપેશ અધ્વર્યુની વાર્તાની વાત કરવાની થાય તો આપણી પાસે તેના એકમાત્ર મરણોત્તર વાર્તાસંગ્રહ 'હનુમાનલવકુશમિલન'ની ૧૬ વાર્તા રહેલી છે. જેનું સંપાદન રમણ સોની, જયદેવ શુકલ અને ધીરેશ અધ્વર્યુ દ્વારા કરવામાં આવ્યું અને જેની પ્રથમ આવૃત્તિ ડિસેમ્બર ૧૯૮૨માં ગુજરાતી સાહિત્ય પરિષદે પ્રકાશિત કરી. જેનું મુખપૃષ્ઠ જાણીતા ચિત્રકાર ગુલામ મહમ્મદ શેખ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. આ સંગ્રહની શરૂઆતમાં સંપાદક પ્રો. રમણ સોની નોંધે છે કે લેખકે કુલ ૨૮ જેટલી વાર્તા લખેલી. જેમાંથી પાંચ વાર્તા તો અધૂરી રહેલી. આ ઉપરાંતની સાત જેટલી વાર્તાઓ નબળી જણાયેલી હોવાથી સંગ્રહમાં ભૂપેશની વાર્તાકાર તરીકેની સ્પષ્ટ છાપ ઉપસાવે એવી પસંદગીની ૧૬ વાર્તા જ લેવામાં આવી છે. તેથી અહિયાં આપણે સંગ્રહમાં પ્રકાશિત થયેલી આ ૧૬ વાર્તાને આધારે ભૂપેશની વાર્તાકળા વિશે ચર્ચા કરીશું.

સંગ્રહની પ્રથમ અને ભૂપેશની અન્ય પંદર વાર્તાથી અલગ રીતે રચાયેલી વાર્તા છે 'હનુમાનલવકુશમિલન'. વાર્તાનો મૂળ વિષય તો રામાયણની કથાનો છે. પરંતુ ભૂપેશ અહિયાં તેને પોતાના નોખા અંદાજમાં પ્રસ્તુત કરે છે. રામ-સીતાના વિરહનું કારણ તુલસી પૂજામાં થયેલી ભૂલ છે તેવું કથાનક અહિયાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આ કથાઘટક મૂળ રામાયણમાં નથી પણ લેખકે સર્જેલ છે. વાર્તાની શૈલી લોકકથા જેવી છે. વાર્તાની ભાષા પણ લોકકથાની તળપદી બોલી છે. એક પછી એક બનતી ઘટના અને તેના તર્ક જોઈ આપણને ખ્યાલ આવે કે વાર્તાકાર લોકકથાના સારા એવા જાણકાર છે. વાર્તામાં રામ અને સીતાને સામાન્ય મનુષ્ય જેવા જ દર્શાવ્યા છે. જે મોટાભાગની લોકકથામાં હોય છે. વાર્તાની મુખ્ય ઘટના તો રામ સીતા વિયોગ જ છે પરંતુ સીતા દ્વારા તુલસીમાતાનું વ્રતનું વિસ્મરણ થાય છે અને તેથી આ વિયોગ આવે છે એવું તર્ક અહિયાં પ્રસ્તુત થયું છે. આ સિવાય શરૂઆતમાં જોષીનું આવવું, તુલસીના દોષમાંથી બચવા વ્રત કરવું અને હનુમાનનું લવ – કુશને ના ઓળખવું જેવી ઘટના પણ આપણને લોકકથાની સ્મૃતિ કરાવે એવી રીતે રજૂ થઈ છે.

સંગ્રહની બીજી વાર્તા 'છિનાળ' છે. જેમાં માનવીના જાતીય સંબંધની વાત ઘણી પ્રતિકાત્મક રીતે થઈ છે. 'છિનાળ' શબ્દ આ વાર્તામાં નાયિકા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. જે નાયકના નાયિકા સાથેના સંબંધની સંકુલતા વ્યક્ત કરે છે. વાર્તાનું કથાનક એમ છે કે નાયક 'છિનાળ'ને પોતાના ઘરે આવવા આમંત્રણ આપે છે અને થોડી અલગ અલગ વાતચીત કરે છે. આ વાતચીત દ્વારા તે છિનાળ સાથે સહશયન કરવાની ઈચ્છા પ્રદર્શિત કરે છે. આ વાર્તામાં બાહ્ય સૃષ્ટિમાં ચાલી રહેલ ઘટનાથી વધારે નાયકના અજ્ઞાત મનમાં ચાલી રહેલી ઝંખના – ઈચ્છા વધારે મહત્વની છે. જે બાહ્ય જગતની વિવિધ ઘટના દ્વારા પ્રતિકાત્મક રીતે લેખકે વ્યક્ત કરી છે. વાર્તામાં નાયિકાને લઈને થયેલા વર્ણન ઘણાં મહત્વના છે. જો ખરી રીતે વાર્તા સમજવી હોય તો આ વર્ણન દ્વારા દર્શાવેલા પરિવર્તન સમજવા જરૂરી છે. નાયકના પ્રયત્નો દ્વારા નાયિકા સાથે શયન થવાનું જ હોય છે. ત્યાં દુબળાઓના વાસમાં આગ લાગવાની ઘટના બને છે અને સહશયન કરી રહેલ નાયિકાનો ભાવ બદલે છે. જેને લેખકે 'સત ચડવાની' ઘટનાથી વ્યક્ત કર્યું છે. નાયિકામાં આવેલ પરિવર્તન અહિયાં કથાનો પ્રાણ બની રહે છે. તો કંકુના પગલા પાડવા જેવી ઘટનાનું આલેખનથી લેખક પરિસ્થિતિને વધારે અસરકારક રીતે વ્યક્ત કરે છે. સહશયન માટે તૈયાર થયેલો નાયક નિરાશ થાય છે અને શય્યા પરથી જ તે સત ચડેલ નાયિકા વાસમાં જઈ શું કરશે તેવા કપોલકલ્પિત દ્રશ્યો ઉપજાવે છે અને વાર્તા પૂર્ણ થાય છે.

હવેની વાર્તા 'લીમડાનું સફેદ ઝાડ' પણ માનવ સંબંધની સંકુલતા વ્યક્ત કરે જ છે. જેમાં વાર્તાકાર એક પ્રણય ત્રિકોણ લઈને આવે છે. રામલીલા મંડળીના નટનટી ચામુંડરાય, વેણુબાઈ અને સુખભાઈ વચ્ચે સંબંધની ગુંચ અહિયાં પ્રસ્તુત થઈ છે. ચામુંડરાય અને વેણુબાઈ બંને લગ્ન સંબંધથી જોડાયા છે. તેમાં એક રાતે ખેલની રજૂઆત વખતે હરિશ્ચન્દ્રનું પાત્ર ભજવતાં ચામુંડરાયની તબિયત લથડે છે અને તેની બદલે સુખભાઈ આ પાત્ર કરે છે.

વાર્તાનું કથાવસ્તુ તો સાદુ-સીધું પ્રણય ત્રિકોણનું છે પણ વાર્તાકારની કળાની સમજ તેને અલગ ઉંચાઈએ લઈ જાય છે. સૌપ્રથમ તો ચામુંડરાયનું પડદા પાછળથી નાટક જોવાની ઘટના ઘણી પ્રતિકાત્મક બને છે. તે પડદો નાટ્યમંચનો નહીં, પરંતુ મનનો હોય છે. સુખભાઈ સાથે પાત્ર ભજવી રહેલી પોતાની પત્ની વેણુબાઈ આમ તો નાટકના મોહરામાં હતી. પરંતુ રોજ નવાં વેશ લઈને કામ કરતાં ચામુંડરાય આજે વેણુબાઈનો અસલી વેશ પામી જાય છે. વેણુબાઈ અને સુખભાઈનું સહશયન ચામુંડરાયને આ વાતની ખાતરી કરાવી દે છે. વાર્તાકાર શીર્ષક 'લીમડાનું સફેદ ઝાડ'નો પણ આગવી રીતે પ્રતિકાત્મક વિનિયોગ કરે છે. મંડળીના તંબુ પાસે એક લીમડાનું ઝાડ આવેલું છે રાતે તેમાં સફેદ બગલા બેસી જાય છે તેથી તે ઝાડ પણ સફેદ દેખાવા લાગે છે. તંબુના ફાટેલા કાણામાંથી સુખભાઈનું તે ઝાડ જોવા ડોકિયું કરવું તે વ્યંજનાત્મક ઘટના છે. વધારે પડતી પ્રતિકાત્મક રીતે વ્યક્ત થતી આ વાર્તા કદાચ સામાન્ય વાચક માટે દુર્બોધ બની રહે છે. પરંતુ જયારે કળાની દ્રષ્ટિએ ઘણી સફળ વાર્તા ગણી શકાય. 'એછોનથીછુંછેછીએછોનથીછુંછેછી' સંગ્રહની ચોથી વાર્તા તેના શીર્ષકની જેમ કથાવસ્તુની દ્રષ્ટિએ પણ ઘણી જ નોખી છે. કથાની શરૂઆત એક જાસુસીકથાના રૂપે થાય છે. આર્થર કોનન ડોયલના શેરલોક હોમ્સની જેમ આ વાર્તામાં ભૂપેશનો દેશી નાયક જોરુભા છે. ધીમે ધીમે આ કથા ફેન્ટસી વિશ્વમાં પહોચે છે. કથા તો ઘણી સામાન્ય છે. પરંતુ તેને રજૂ કરવાની રીત આગવી છે. ગુજરાતી સાહિત્યમાં મૃત્યુ પામેલ વ્યક્તિ ફરી જીવંત થાય, તો એક પાત્ર બીજાનો વેશ ધારણ કરે, અપરાધી સમજેલું પાત્ર જ પોલીસ નીકળે જેવા છદ્મવેશી પાત્ર અને મોટા ઘટસ્ફોટ કરતું ફેન્ટસીની દુનિયા બહુ જ ઓછી રજૂ થઈ છે. પણ ભૂપેશ આ વાર્તામાં કોઈ હોલીવૂડ ફિલ્મ જેવું કથાનક રજૂ કરે છે. આ ફેન્ટસી કથાના મહોરા પાછળ વાર્તાકાર ભૂપેશ આપણી સામે અસ્તિત્વની વિષમતાઓ આલેખે છે. જેથી આ વાર્તા સામાન્ય જાસૂસી કે ફેન્ટસી કથાથી એક ડગલું આગળ પહોંચી છે.

'નવો કાયદો' રાજકારણ અને સમાજની વાત લઈને આવે છે. ફાટક ખૂલવા બંધ થવા જેવી સામાન્ય વાતને કેન્દ્ર સ્થાને રાખી, લોકમાનસને અહિયાં સચોટ રીતે રજૂ કરવામાં આવ્યું છે. વાર્તાની મુખ્ય ઘટના એ છે કે નવો કાયદો આવતાં ફાટકની બંને તરફ રાહદારીને પસાર થવા માટે ચક્રદ્વારવાળા દરવાજા રાખવામાં આવ્યા હતાં. પરંતુ સુરક્ષાને ધ્યાનમાં રાખીને તે હટાવી દેવામાં આવે છે. તેથી ચાલીને જતાં લોકને પણ મજબૂર બની ઊભા રહી ફાટક ખૂલવાની રાહ જોવી પડે છે. જે લોકો ઊભા રહેલા વાહનો વચ્ચે છાતી ફુલાવીને ચાલીને ફાટક પસાર કરતાં હતાં તે હવે વાહનો વચ્ચે મજબૂર થઈ ઊભા રહે છે. આ ઘટના લેખક પ્રતિકાત્મક રીતે રજૂ કરે છે. ફાટક બંધ થાય ત્યારે પોતાની મોટરકારમાં બેઠેલા લોકો અને લાચાર બનીને રસ્તા પર ઊભેલા ચાલીને જતા લોકો દ્વારા વાર્તાકાર સમાજના આ બે વર્ગ વચ્ચેનો ભેદ બતાવે છે. આ વાર્તામાં લેખકની કથનશૈલી ઘણી મહત્વની બની રહે છે. વાર્તાનો વિષય અને ઘટનાઓ તો સામાન્ય છે પરંતુ વાર્તાકાર તેને આગવી રીતે પ્રસ્તુત કરે છે. વાર્તા એકદમ હળવી શૈલીમાં ગંભીર વાત કરી જાય છે. વાર્તાની ભાષા પણ રોજીંદા જીવનમાં બોલાતી તળપદી બોલી જ છે. જેના લીધે ભાવક પાત્રોની સૃષ્ટિમાં સરળતાથી પ્રવેશી શકે છે. વાર્તામાં ટૂંકા વાક્યો સમગ્ર ઘટનાને વધારે અસરકારક બનાવે છે. તો ટ્રેન, ફાટક, સિગ્નલ જેવા નિર્જીવ તત્વોને લેખક સજીવ કરી વાર્તાને ઉપકારક બનાવે છે. વાર્તામાં મર્મવ્યંગભરી ટીકાટીપ્પણીઓ ભાવકને જકડી રાખે છે. ભૂપેશની આ વાર્તામાં સમાજ અને એની સમસ્યા ઘણી અસરકારક રીતે રજૂ થયેલા જણાય છે.

ભૂપેશની 'અલવિદા' વાર્તાનું કથાવસ્તુ અન્ય વાર્તાના પ્રમાણમાં સુરેખ અને સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલ છે. જે દરેક વાચક સરળતાથી સમજી શકે છે. સ્ત્રી – પુરુષ વચ્ચે રહેલ માનસિક લાગણી, શારીરિક રીતે વ્યક્ત થવાની ઘટના આ વાર્તામાં રહેલી છે. વાર્તાનાયક પોતાનું અધ્યાપન કાર્ય છોડી વતનમાં રહેવા આવી ગયો છે. તે અધ્યાપક હતો ત્યારે ઘણો વિદ્યાર્થીપ્રિય હતો તેની સ્પષ્ટતા વાર્તામાં મળે છે. આ વાતના ઘણાં સમય પછી અચાનક એક સાંજે

તેની એક વિદ્યાર્થી વાર્તાનાયિકા તિતિક્ષા ઘરે આવી ચડે છે. અકસ્માતે તે દિવસે નાયક અને તેના પિતા બે જ વ્યક્તિ ઘરે હોય છે તેથી તિતિક્ષા અને નાયકને મળેલા એકાંતમાં જુના લાગણીમય સંબંધો તાજા થાય છે. તિતિક્ષા રાત રોકાણ કરવાની હોય છે તેથી ઘરના મેડા પર તેના સુવાની વ્યવસ્થા કરવામાં આવે છે. એવામાં મધરાતે નાયક તિતિક્ષાને જગાડે છે. વાતો વચ્ચે બંનેની પ્રણય તત્પરતાના વિવિધ સંકેત મળતાં સહશયન કરે છે. બીજા દિવસે સવારે નાયક તિતિક્ષાને બસ સ્ટેન્ડ મૂકવા જાય છે અને બંને છુટા પડે છે. ભૂપેશની આ વાર્તામાં વર્ણન કરતાં સંવાદ વધુ છે. તો બંનેના સહશયનની ક્ષણ વચ્ચે આવતાં સંવાદ માર્મિક ઘટનાને વધારે સ્પષ્ટ રીતે રજૂ કરે છે ત્યાં કદાચ પ્રતિકાત્મક અભિવ્યક્તિ પણ થઈ શકે. વાર્તામાં જે રહસ્યની ક્ષણ હોય તે અહિયાં વાર્તાકાર ચૂકી ગયા છે. તો તિતિક્ષા આવે છે તે દિવસે જ ઘરના અન્ય સભ્યો ગેરહાજર હોય તે વાત અસાહજિક લાગે છે. પોતાના દાદાથી પ્રભાવિત નાયિકા તેના જેવું વ્યક્તિત્વ ધરાવતા પોતાના અધ્યાપક(નાયક)થી આકર્ષાય છે. તે વાત પણ યોગ્ય રીતે સ્પષ્ટ નથી. એક દ્રષ્ટિએ વાર્તા સ્પષ્ટ છે પણ ભૂપેશની અન્ય વાર્તાના પ્રમાણમાં થોડી નબળી લાગે છે અને વાર્તાનો ઝુકાવ નાયક-નાયિકાના શારીરિક સંબંધ પર વધુ છે તેમ લાગી શકે છે.

'આ વગેરેવગેરે, ઉષા' પણ સ્ત્રી – પુરુષના જાતીય સંબંધ રજૂ કરતી વાર્તા છે. આ વાર્તા 'અલવિદા' જેટલી સરળ અને સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલ નથી. પરંતુ તેનું કથાવસ્તુ એક વખત વાંચતા લાગે તેનાથી વધુ સંકુલ છે. વાર્તાની મુખ્ય કથા નાયક – નાયિકા ઉષાના જાતીય સમાગમ વખતેના ચૈતસિક સ્તરોએ સ્પષ્ટ કરતી છે. વાર્તામાં નાયક જાતીય સંબંધ વખતે પતિ-પત્નીના મનમાં ચાલી રહેલ વિવિધ ભાવને નોંધે છે અને વ્યક્ત કરે છે. જે આપણી સમક્ષ નાયકના સંવાદ રૂપે લેખક દ્વારા વ્યક્ત કરવામાં આવ્યા છે. જાતીય સમાગમની ક્ષણમાં પત્ની ઉષાની દૈહિક તથા માનસિક હિલચાલ અહિયાં વ્યક્ત થઈ છે. આ વાર્તામાં મહત્વની વાત એ છે કે વાર્તાની મૂળ ઘટના જાતીય સંબંધની ક્ષણ છે. છતાં લેખકની આગવી સૂઝને કારણે એક પણ વાક્ય અશ્લીલ કે જુગુપ્સક લાગતા નથી. પરંતુ આ ક્ષણનું વર્ણન અને વિધાન લેખક પ્રતિકાત્મક રીતે વ્યક્ત કરે છે. જે ચાલતી ઘટનાને અશ્લીલતા તરફ જતાં બચાવી લે છે. ઉષાને વિવિધ પૌરાણિક પાત્રો વડે વ્યક્ત કરવાની બાબત પણ નોંધનીય છે. વાર્તાનું કથાવસ્તુ ઘણું સંકુલ છે તેને પ્રતિક વિના રજૂ કરવું અયોગ્ય લાગી શકે પરંતુ વધારે પડતી સંકુલતા અને પ્રતિકાત્મકતાને લીધે વાર્તા ક્યાંક દુર્બોધ પણ બની જાય છે.

'બાય...બા..ય' વાર્તા પણ 'અલવિદા' અને 'આ વગેરેવગેરે, ઉષા'ની જેમ સંબંધની સંકુલતા વ્યક્ત કરતી વાર્તા છે. જેમાં નાયક સુરેખા નામની યુવતી સાથે દરરોજ જાતીય સહચાર કરે છે. દિવસનો અડતાલીસમો ભાગ (૩૦ મિનિટ) બંને સાથે વિતાવે છે. જેમાં વાર્તાનાયક સુરેખાને છંછેડે છે અને એ પછી સુરેખા છંછેડાઈને નાયક પર ધસી આવે છે. બંને એક બીજાને ચાહતા નથી, છતાં રોજ સહશયન કરે છે. એવામાં એક દિવસ સુરેખાના હોઠ સાથે તેના આંસુ પણ નાયકના ચહેરા પર આવે છે. આ ઘટનાથી નાયક વિચારતો થાય છે કે શું સુરેખા તેને ચાહે છે? આ વચ્ચે નાયકના અસ્તિત્વને લઈને રહેલા પ્રશ્નો પણ લેખક કલાત્મક રીતે રજૂ કરે છે. પોતે 'વીરિયા', 'વિરુભાઈ', 'રંચી' અને 'વિરંચી ક્રીમવાલા' વચ્ચે તેનું ખરું અસ્તિત્વ કયું છે તે શોધવા મથે છે. તો નાયક વિરંચી નક્કી નથી કરી શકતો કે પોતે માત્ર જાતીય સુખ માટે જ સુરેખા પાસે જાય છે કે જાતીય સંબંધને બહાને તે ખરી રીતે સુરેખાને ચાહે છે. જો તે સુરેખાને ચાહે છે તો સુરેખા તેને ચાહે છે કે બસ છળ કરે છે તે બાબતે પણ પ્રશ્ન છે. જાતીય સંવેદન વચ્ચે રહેલી માનસિક લાગણીને બંને ઓળખતા નથી અને આ ઓળખની માથામણ વાર્તાનું મુખ્ય કથાવસ્તુ બની રહે છે. માનવના સંબંધમાં રહેલી સંકુલતા અને પોતાના ખરા અસ્તિત્વના પ્રશ્નો આ વાર્તામાં લેખક ઘણી અસરકારક રીતે રજૂ કરે છે. તો વાર્તાની કથનશૈલી પણ ઘણી આકર્ષક છે. નાયક પોતે જ પોતાની વાત કરે છે માટે વાર્તાની સમગ્ર ઘટના વધારે વાસ્તવિક લાગે છે. આખી વાર્તામાં આમ તો, સુરેખા નાયકને ચાહે છે કે નહિ તે સ્પષ્ટ થતું નથી. પરંતુ

વાર્તાને અંતે નાયક સુરેખાને મુકવા જાય છે અને ત્યારે ફક્ત એક શબ્દ (ટાટ્ટા) દ્વારા લેખક સુરેખાની લાગણી સુક્ષ્મ રીતે વ્યક્ત કરે છે.

‘વડ’ વાર્તામાં ગામડામાંથી શહેર આવતાં યુવાનની કથા છે. આ કથાવસ્તુ ગાંધીયુગમાં બહુ વ્યક્ત થયેલ છે. પરંતુ ‘વડ’માં ભૂપેશ આ કથાવસ્તુને પોતાના આગવા અંદાજમાં રજૂ કરે છે. તેથી આ વાર્તા ગાંધીયુગની વાર્તાથી અલગ પડે છે. વાર્તાની શરૂઆતમાં જાણ થાય છે કે રામરતન અને લછીમન બંને પોતાનું વતન છોડી ધન કમાવાની ઈચ્છાથી મુંબઈ શહેર આવ્યા છે. આ બંનેના મુંબઈ શહેર આવ્યાને એક વર્ષ થયું છે. પરંતુ હજુ સુધી કોઈ યોગ્ય કામ-ધંધો મળ્યા નથી અને ચિત્તમાંથી વતનની સ્મૃતિ પણ ગઈ નથી. યોગ્ય કામ ન મળતાં તે ગુનાહિત પ્રવૃત્તિમાં જોડાય છે. આ વચ્ચે લેખક ગામડામાંથી શહેર આવતાં યુવકોનું જીવન કેવી રીતે પરિવર્તન પામે છે તેની વિગતો નોંધે છે. જેમાં પાન, સિગારેટ જેવા વ્યસન લાગવા, આ પછી લેખક ભાષામાં પરિવર્તનને આગવી રીતે વ્યક્ત કરે છે. (બંનેના મોઢામાં મુંબઈ આવ્યા પહેલાંની ગાળો ટકી રહી હતી અને મુંબઈ આવ્યા પછી નવી ઉમેરાઈ હતી.) મુંબઈ જેવા મોટા શહેરમાં જીવન ટકાવવા માટે કોઈ એક કામથી ચાલે નહિ અને યોગ્ય કામ મોટી વસતીમાં મળે નહીં. તેથી ગામડાના કેટલાય સીધા-સાદા યુવાન દલાલી, યોન સબંધી ચોપડીનું વેચાણ, દાણચોરીના માલનું વેચાણ, દારૂની બોટલની હેરાફેરી વગેરે જેવા ગુનાહિત કાર્યોમાં જોડાય છે. આવાં કાર્યો કરી ગમે તે વ્યક્તિમાંથી વતનપ્રેમ ચાલ્યો જ જાય. વાર્તાના બે ખંડમાં ગામડામાં બંને ભાઈનું જીવન અને મુંબઈનું જીવન વ્યક્ત થયું છે. પરંતુ વાર્તાની સાચી મજા ત્રીજા ખંડમાં છે. રામરતન અને લછીમન ફરવા નીકળ્યા છે. એવામાં ભેલપુરીવાળાની બાજુમાં એક ઝાડ ઉગી નીકળ્યું હતું. રામરતનની નજર ત્યાં જાય છે અને તે લછીમનને કહે છે, “આપણા ગામમાંયે સાલો, આવો બરગદ હતો, બોકડિયાને પેલે કાંઠે”, “હોગા, હોગા. ચીડભર્યા અવાજે લછીમને કહ્યું.” વાર્તાનું આ અંતિમ વાક્ય વાર્તાને ગાંધીયુગથી નોખી પાડે છે. જો ભૂપેશને બદલે ધૂમકેતુ કે ર. વ. દેસાઈ હોય તો, બંને ભાઈ વડને ભેટી પડ્યા હોત. પરંતુ આધૂનિક જીવનમાં આવો વતનપ્રેમ દરેક વ્યક્તિમાં રહ્યો નથી. તેથી અહિયાં વડને જોઈ રામને તો વતન સાંભરે છે પણ ભાઈ લછીમન મુંબઈમાં રહી મુંબઈનો જ બની ગયો છે. જે તેના જવાબ “હોગા, હોગા.”થી લેખક આ વાત વધારે અસરકારક રીતે જણાવે છે.

‘વાર્તા’ શીર્ષકની વાર્તામાં પણ સ્ત્રી - પુરુષના સંબંધનું કથાવસ્તુ પ્રસ્તુત થયું છે. અહિયાં લેખક અગાઉ જેમ જાતીય સંબંધને બદલે સંબંધોમાં રહેલા ખોખલાપણાને આલેખવાનો પ્રયત્ન કરે છે. આ વાત રજૂ કરવા માટે લેખક કોઈ મોટી ઘટના પસંદ કરતાં નથી. પરંતુ પરિવેશમાં બદલાતી વિવિધ પરિસ્થિતિને આધારે નવાં રચતા અને તૂટતા સંબંધોની આંટીઘૂંટી દર્શાવામાં આવેલ છે. ‘બાય...બા..ય’ વાર્તાની જેમ અહિયાં પણ લેખક યથાર્થ માનવીય અસ્તિત્વના ભાનની સમસ્યા વ્યક્ત કરે છે. તો સાથે પત્રોના સંબંધની સંકુલતાને અને ગૂંચને મોટાભાગે પ્રતીકાત્મક સંદર્ભો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. નાયક નીરેનની દીવાલ પર વ્રાહ-બ્રાહ્મીનો સજોડે લાગેલો ફોટો, ચકલીનો માળો, વગેરે જેવાં પ્રતીકો અહિયાં સંબંધની ગુંચ દર્શાવી જાય છે. અસ્તિત્વના પ્રશ્નો સાથે અહિયાં વાર્તાના કેટલાક અંશમાં એબ્સર્ડ તત્વો પણ દેખાય છે. સંબંધોમાં અને જીવનમાં રહેલ નિરર્થકતાને વ્યક્ત કરવા માટે ભૂપેશ કપોલકલ્પિત અને એબ્સર્ડ તત્વોને વાર્તામાં પરસ્પર ઓતપ્રોત બનાવીને આપણી સામે પ્રસ્તુત કરે છે. અસ્તિત્વવાદ અને એબ્સર્ડ વિચારધારાથી પ્રભાવિત આ વાર્તા સામાન્ય વાચક તરીકે સમજવામાં થોડી અઘરી લાગી શકે છે. પણ આ તત્વોનો વાર્તામાં યોગ્ય રીતે વિનોયોગ કરી ભૂપેશ ગુજરાતી વાર્તાને એક અલગ કક્ષાએ લઈ જાય છે.

‘પાત્રત્વ’ વાર્તા આગળની તમામ વાર્તાથી અલગ લાગે તેવી વાર્તા છે. તેમાં વાર્તાની રચનાપ્રક્રિયાનો વિષયવસ્તુ તરીકે ઉપયોગ થયો છે. વાર્તાકાર શરૂઆતમાં આપણી સમક્ષ એક દ્રશ્ય મુકે છે જેમાં કથકને શ્રોતા સામે એક વાર્તા

પ્રસ્તુત કરવાની છે. આ વાર્તા કલમ-કાગળ પર રચીને કે અન્ય પુસ્તકમાંથી વાંચીને નહી. પણ બે - અઢી કલાકના કાર્યક્રમમાં મંચ પર બેઠા જ બનાવીને પ્રસ્તુત કરવાની છે. અહિયાં વાર્તાની અંદર વાર્તાની પ્રયુક્તિથી આ વાર્તા રજૂ થાય છે. કથક વાર્તા કહે છે. તેમાં એક નાયક અને નાયિકા બે પાત્રો છે. તો બીજી દ્રષ્ટિએ કથક અને ભાવકનો પણ વાર્તાના બે ધૃવ તરીકે ઉપયોગ થયો છે. વાર્તા લેખક અને શ્રોતાઓ વચ્ચે થતા સંવાદ અને ચર્ચાઓમાં લેખક વાર્તાસર્જન પ્રક્રિયાની માથામણ રજૂ કરે છે. તો વચ્ચે શ્રોતામાંથી આવતાં વિવિધ પ્રશ્નો અને કથકને શાંતિથી વાર્તા સાંભળવા માટે કરવી પડતી અપીલ કથક દ્વારા કહેવામાં આવતી વાર્તાની અસર દર્શાવે છે. 'આરોહણ', 'એક ખંડ' આ-', 'બિલાડી', 'પેટ' જેવી વાર્તાની અભિવ્યક્તિ પાત્રને બદલે વર્ણન પર આધારિત છે. 'આરોહણ' વાર્તામાં નાયકની ડુંગર ચડવાની ઘટના છે. પરંતુ આ આરોહણ વખતે થયેલા વર્ણન મહત્વના છે. આખી વાર્તા નાયક કે કથાવસ્તુને લીધે નહીં, પરંતુ કથનવર્ણનના લીધે આગળ વધે છે. ભૂપેશની ખાસિયત એ છે કે તેની વાર્તામાં આવતાં વર્ણન માત્ર પ્રાકૃતિક સુંદરતા કે વિવિધ સ્થળની સમજ આપવાં માટે હોતા નથી. આ વર્ણન વિવિધ સંદર્ભ સૂચક હોય છે. તેથી લાંબા વર્ણન પણ અર્થપૂર્ણ લાગે છે અને વાર્તાને ઉપકારક ઘટક બની રહે છે. 'એક ખંડ' આ-' વાર્તામાં જીવંત કોઈ પાત્રનો પ્રવેશ કરાવ્યા વિના ઓરડાની વિવિધ વસ્તુ (અસબાબ)નો જ લેખક પાત્ર તરીકે ઉપયોગ કરે છે. આખી વાર્તામાં ભૂપેશ એક બંધ પડેલા ઓરડાનું વર્ણન જ રજૂ કરે છે, છતાં તે વાર્તા રસમય લાગે છે. કોઈ પાત્ર કે સંવાદ વિના માત્ર વર્ણનને આધારે અભિવ્યક્તિ ઘણી કઠીન છે. જે ભૂપેશ આ વાર્તામાં સફળતાપૂર્વક કરી બતાવે છે. 'બિલાડી' વાર્તામાં ઘરમાં બિલાડીના બચ્ચા આવ્યા છે તેની વાત રજૂ થઈ છે. અહિયાં પણ ઘટનાથી વર્ણન વધારે સૂચક છે. છતાં વાર્તામાં કેટલીક સૂક્ષ્મ ઘટનાઓ માનવસંવેદનને વ્યક્ત કરે તેવી છે. તો પેટ વાર્તામાં પરિવેશ અને બે - ત્રણ પત્રોનું વર્ણન અને તેનું જીવન જ મુખ્ય કથાવસ્તુ બની રહે છે. આવી સુક્ષ્મ કથાવસ્તુ ધરાવતી વાર્તા તેના જીવંત વર્ણનને લીધે અર્થસભર બનેલી છે. વાચતા તે પરંપરાગત વાર્તાથી અલગ લાગી શકે તેમાં કોઈ મહત્વની ઘટના પણ ન દેખાય છતાં તે વાર્તા બને છે. આવી વાર્તાની રચના ભૂપેશને નીવડેલા વાર્તાકારની હરોળમાં સ્થાન આપે છે. ખાસ કરીને આ વાર્તાઓ દ્વારા આપણને વાર્તાકાર ભૂપેશની અવલોકન શક્તિનો સારો પરિચય મળે છે. જે બાબતો આપને રોજીંદા જીવનમાં અનુભવ કરીએ છીએ તે જ બાબતો વાર્તાકાર વાર્તામાં વર્ણન કરી વ્યક્ત કરે છે ત્યારે અર્થપૂર્ણ બની જાય છે. ભૂપેશ આ નિર્જીવ વસ્તુને જીવંત બનાવી તેના સંવેદન અનુભવે છે અને પોતાની આગવી ભાષાશૈલીમાં તેને આપણી સામે સફળતાથી વ્યક્ત કરે છે. ભૂપેશની વાર્તાનું વિશ્વ એ કોઈ બીજી દુનિયા નથી. આપણી આસપાસની દુનિયા જ છે. પરંતુ જે ઘટના, જે સંદર્ભ, જે સંવેદન આપણે સામાન્ય જીવનમાં અનુભવી શકતા નથી તે વાર્તાકાર નોંધે છે અને આપણી સામે લઈ આવે છે. તેથી આ વાર્તા સામાન્ય બાબતને વ્યક્ત કરતી હોવા છતાં પણ ખાસ લાગે છે. 'અંત' વાર્તામાં ટ્રેનના ડબ્બાના વર્ણનથી શરૂ થતી કથા અસ્તિત્વના અંત સુધી પહોંચે છે. વાર્તામાં આગળ ઘણી ઘટનાઓ થાય છે જેમાં નાયક બસ શ્રોતા બનીને બધું નિહાળે છે. પરંતુ વાર્તાના અંતિમ ભાગમાં નાયક સાથે બનતી ઘટના આવે છે. શરૂઆતમાં આવેલા વિવિધ અવાજો અને અંધારાના વર્ણન ઘણાં યોગ્ય રીતે થયા છે. વાચક પોતે તે પરિવેશમાં પહોંચી ગયો હોય તેવી રીતે સમગ્ર પરિસ્થિતિનું આલેખન થાય છે. ભૂપેશની એક ખાસિયત છે કે તેને જે વાત કરવી છે ત્યાં સુધી તરત પહોંચી જવાને બદલે તે ઘણો સમય લે છે અને વાર્તાના બીજા કે ત્રીજા ખંડમાં મુખ્ય વાત પ્રસ્તુત કરે છે. 'અંત' વાર્તામાં પણ આવી રીતે જ વાત રજૂ થઈ છે.

સામાન્ય રીતે કોઈ વાર્તાકારનો સંગ્રહ વાચતા હોઈએ તો તેમના વિષયની પસંદગી, ભાષાકર્મ, કે પ્રયુક્તિનું પુનરાવર્તન થાય છે. ગુજરાતી સાહિત્યના અભ્યાસુ કોઈ લેખકની ચાર - પાંચ વાર્તાથી પરિચિત થાય એ પછી બાકીની વાર્તામાં શું થવાનું છે તે થોડું વાંચીને જ પામી જાય. પણ આ બધી વાત ભૂપેશની વાર્તા સંદર્ભે લાગુ પડે

તેમ નથી. સંગ્રહની તમામ વાર્તા આગવા વિષય લઈ આવે છે. જો વિષય સમાન છે તો તે વાર્તાની અભિવ્યક્તિ સાવ નોખી છે. દરેક વાર્તામાં ભાષાશૈલી પણ ઉચિત રીતે ઉપયોગમાં લેવામાં આવી છે. પ્રથમ વાર્તા 'હનુમાનલવકુશમિલન' લોકકથા સ્વરૂપની છે તો 'નવો કાયદો' ગાંધીયુગની યાદ અપાવે તેવી. 'વડ' વાર્તામાં જુનું કથાનક નવાં દ્રષ્ટિકોણ થી વ્યક્ત થયું છે. તો એબ્સર્ડ અને અસ્તિત્વવાદ અને પ્રતિકનો વિનિયોગ કરતી ખરી આધુનિક વાર્તા પણ આ સંગ્રહમાં છે. એટલે કોઈ એક વાર્તા પરથી આપણે વાર્તાકાર ભૂપેશ અધ્વર્યુને પામી શકીએ નહી કેમ કે તે દરેક વાર્તામાં નવો રંગ અને રૂપ પ્રસ્તુત કરે છે. તેથી જ માત્ર ૧૫ - ૧૭ જેટલી વાર્તા લખી હોવા છતાં આધુનિક વાર્તાની ચર્ચા કરતી વખતે ભૂપેશની વાર્તાનો ઉલ્લેખ અવશ્ય કરવો પડે છે.

---

[i] હનુમાનલવકુશમિલન (લે. ભૂપેશ અધ્વર્યુ) સં. રમણ સોની, જયદેવ શુકલ અને ધીરેશ અધ્વર્યુ

[ii] ભૂપેશ અધ્વર્યુ : વ્યક્તિ અને સર્જક, સં. દક્ષેશ ઠાકર

લેખન :-
વેદાન્ત એ. પુરોહિત